# ઈનોક્સ વિન્ડ લિ.ને ૧૭૦ મેગાવોટનો ઓર્ડર

વડોદરા, તા.૧૮

ગુજરાત ફ્લોરો કેમિકલ્સ લિ.ની પેટા કંપની ઈનોક્સ વિન્ડ લિ.ને ૧૭૦ મેગાવોટનો ઓર્ડર અપાયો છે. મધ્યપ્રદેશના રતલામ અને મંદસોર વિસ્તારમાં કોન્ટિન્યુઅમ વિન્ડ એનર્જી દ્વારા આ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવનાર છે. રૂ.૯૦૦ કરોડથી વધુ મૂલ્યના આ ઓર્ડરમાં કંપનીના તાજેતરમાં શરૂ થયેલા ૨ મેગવોટ વિન્ડ ટર્બાઈનના ૧૦૦ મીટર રોટર વ્યાસ ધરવતા ટર્પ એકમો પુરા પાડવાના છે. કંપનીના સીઈઓ કૈલાશ તારાચંદાણીએ જણાવ્યું હતું કે, આ ઓર્ડર ઉચ્ચતર સ્પર્ધાત્મક વિન્ડ બજારમાં કંપનીની સ્થિતિને મજબૂત બનાવશે.